## જન્મદિને વધામણી



ડો. હસમુખ નાયક
મો. ૯૪૨૬૦ ૩૩૩૯૦



જી પી પટેલ
મો. ૯૭૨૬૭ ૦૨૯૩૮

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
સુલતાન ૧૨.૧૫, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
સુલતાન ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૩૦


**સ્ક્રીન-૩**
સુલતાન ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
દાવ થઈ ગયો યાર ૧૨.૩૦, ૩.૦૦
સુલતાન ૫.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
સુલતાન ૧૧.૩૦, ૩.૦૦ ૬.૩૦, ૧૦.૦૦

# ‘સૅટરડે નાઈટ્સ’માં સંવેદનશીલ નાટ્યપ્રયોગ









નગરના કલાપ્રેમી યુવાનો દ્વારા ‘સૅટરડે નાઈટ્સ’ના માધ્યમથી ગત શનિવારે સંવેદનશીલ મુદ્દા પર વાત કરવામાં આવી હતી. મુદ્દો હતો ‘આત્મહત્યા’ અને ઍની ટૅગલાઈન પણ સરસ હતી : પગલું ભર્યા પછીનો અહેસાસ કે હવે મારે જીવવું છે ! આ વિષય એમનાં મનમાં આવ્યો એ પાછળ એક સત્યઘટના જવાબદાર. થોડા દિવસો અગાઉ ત્રણ કલાકાર મિત્રો ઈન્દિરા બ્રિજ તરફથી ગાંધીનગર તરફ આવી રહ્યા હતા. કૅનાલ પાસે બાઈકને પંચર પડ્યું, એક મિત્ર પંચર કરાવવા આગળ ગયો ને બે મિત્રો ઊભા રહ્યા. એક યુવતિ શંકાસ્પદ હાલતમાં આવતી દેખાઈ. યુવાન મિત્રને શંકા ગઈ ને એ દોડ્યો. યુવતિ ખરેખર આત્મહત્યા કરવા જ આવી હતી ને એણે એ માટે પ્રયત્ન કર્યો. મિત્ર સ્હેજ મોડો પડ્યો, યુવતિનો હાથ સ્પર્શી જ શક્યો, પકડી ન શક્યો ને યુવતિ કૅનાલમાં ખાબકી. પાણીમાં ગરક તો થઈ ગઈ પણ બહાર આવી ત્યારે એણે બૂમો પાડવાનું શરૂ કર્યું.... બચાવો, બચાવો.... હવે યુવાનો મૂંઝાયા. કારણ કે બંનેને તરતાં નહોતું આવડતું. એમણે ૧૦૦ નંબર, ૧૦૮ નંબર અને ફાયર બ્રિગેડને પણ તાત્કાલિક ફોન કર્યા પણ તત્કાલ સહાય ન મળી. નજર સામે યુવતિ ડૂબી રહી હતી અને એને બચાવવા માટેનો કોઈ ઉપાય નહોતો. યુવાનો પોતાની જાતને નિઃસહાય મહેસૂસ કરી રહ્યા હતા. કૅનાલ પર આત્મહત્યાથી બચવા માટે હૅલ્પલાઈન નંબર તો હતો, પણ ડૂબી રહેલાને હૅલ્પ કરવા કોઈ હાજર ન હતું ! ઈન્દિરા બ્રિજવાળા રોડ ઉપર તૈનાત સિક્યુરિટી જવાનને જાણ થતાં તે દોડી આવ્યો ને તેણે યુવતિને બચાવી. પોતે અઘટિત પગલું ભરી લીધું હોવાનું યુવતિએ સ્વીકાર્યું ને સાથે એ પણ કે એ પગલું ભર્યા પછી જિંદગી માટેની ઈચ્છા પ્રબળ થઈ ગઈ. પરંતુ પછી પોતે કંઈ જ કરી શકે એમ નહોતી ! યુવતિની કિસ્મત સારી હતી કે એને થોડું-થોડું તરતાં આવડતું હતું, એના હાથ-પગ હલાવવાના પ્રયત્નો કામ કરી ગયા ને એ કારણે એ જવાન આવે ત્યાં સુધી ટકી ગઈ, નહીંતર....

આ ઘટના પરથી પ્રેરિત થઈને સૅટરડે નાઈટ્સમાં યુવાનોએ ‘આત્મહત્યા’ વિષય પર નાટકનું મંચન કર્યું. સંદેશ એક જ હતો કે જીવનમાં થોડીક નિષ્ફળતાથી નિરાશ થઈને માણસ એક નબળી ક્ષણે આત્મહત્યાનું પગલું ભરે છે ને પછી એને જિંદગીની કીમતનો ખ્યાલ આવે છે. પણ પછી કંઈ જ થઈ નથી શકતું અને આત્મહત્યા એ કોઈ સમસ્યાનો ઉકેલ નથી. એટલે એ નબળી ક્ષણને જ પસાર થઈ જવા દેવી જોઈએ ને જિંદગીને જાળવી રાખવી જોઈએ. પ્રેક્ષકોએ આ નાટકને ખૂબ વખાણ્યું ને કલાકારોને ઢગલાબંધ અભિનંદન આપ્યા. આ ઉપરાંત સૅટરડે નાઈટ્સમાં નિત્યક્રમ મુજબ સુંદર ગીતો ને નૃત્યો તો યુવા કલાકારોએ દ્વારા પ્રસ્તુત થયાં જ હતાં, જેણે નાઈટને મનોરંજક બનાવી દીધી હતી.

# યુનિવર્સલ કોલેજના વિદ્યાર્થીઓને ટ્રાન્સફર માટે જીટીયુની મંજૂરી

## ૭ જુલાઈ સુધી વિદ્યાર્થીઓ જીટીયુ સમક્ષ ટ્રાન્સફર માટે અરજી કરી શકશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી સંલગ્ન યુનિવર્સલ કોલેજમાં સ્ટાફની હડતાળના પગલે શિક્ષણ પર ગંભીર અસર પડી હતી. આ મુદ્દે વિદ્યાર્થીઓએ જીટીયુ સમક્ષ અન્ય કોલેજમાં ટ્રાન્સફર આપી દેવાની રજૂઆત કરી હતી. જેને જીટીયુ દ્વારા મંજૂર કરવામાં આવી છે. આ માટે વિદ્યાથીઓએ ૭ જુલાઈ સુધીમાં જીટીયુ સમક્ષ અરજી કરવાની રહેશે અને તેના આધારે જીટીયુ દ્વારા વિદ્યાર્થીઓને કોલેજમાં ટ્રાન્સફર કરાશે.

ખાલી બેઠકો હોય અને વિદ્યાર્થીઓ લેવા માંગતી હોય તેવી કોલેજો પણ જીટીયુ સમક્ષ ૭ જુલાઈ સુધીમાં અરજી કરી શકશે. યુનિવર્સલ કૉલેજમાં સ્ટાફની ઓચિંતી હડતાળને પગલે પ્રોફેસરોને વેતન ચુકવવામાં ન આવ્યાનો મામલો પ્રકાશમાં આવ્યો હતો. નવા સત્રથી હડતાળને કારણે શૈક્ષણિક કાર્ય શરૂ કરવાનું શક્ય ન હોવાનું પ્રિન્સિપાલ તરફથી જીટીયુને જણાવવામાં આવ્યું હતું. તેને અનુલક્ષીને જીટીયુ તરફથી કૉલેજના સંચાલક ટ્રસ્ટને વારંવાર નોટિસો પાઠવવામાં આવી હતી. તેમ છતાં કોઈ નક્કર પગલાં લેવામાં ન આવતા કૉલેજને નો એડમિશન ઝોનમાં મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# ઈડીઆઈ ખાતે ‘ક્રેડલ’ ઈન્ક્યુબેટર સેન્ટરનો પ્રારંભ

## એક સ્ટાર્ટ અપમાં ૧૦૦ નવી નોકરીઓનું સર્જન કરવાની યોજના

ગાંધીનગર, તા. ૬

ઍન્ટરપ્રિનીયરશીપ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા નવા બિઝનેસ આઈડિયાને સહકાર આપવા માટે ક્રેડલ (સેન્ટર ફોર એડવાન્સિંગ એન્ડ લોંચિંગ એન્ટરપ્રાઈઝ)ની શરૂઆત કરવામાં આવી છે, જે ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી તેમજ ઍન્ટરપ્રિનીયરશીપ ડેવલપમેન્ટ બોર્ડના સહયોગથી વિકસાવવામાં આવ્યું છે. અમદાવાદ ઈડીઆઈનું ટેકનોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર વર્ષે નવા ૫૦ સ્ટાર્ટ અપ્સ દ્વારા ત્રણ વર્ષ સુધી ૫૦૦૦ નવી નોકરીઓ ઊભી કરવા માગે છે. એટલે કે એક સ્ટાર્ટ અપમાં ૧૦૦ નવી નોકરીઓનું સર્જન કરવાની યોજના છે.

ઉલ્લેખનીય છે કે, આ ઈન્ક્યુબેટર ઉત્પાદન, ફૂડ તથા ખેતી, પુનઃપ્રાપ્ય ઉર્જા અને હેલ્થકેર જેવા ક્ષેત્રોમાં સ્ટાર્ટઅપ્સને મદદ કરશે. ઈન્ફોસીસના સહસંસ્થાપક એસ. ગોપાલાક્રિષ્નન તેના એડવાઈઝરી બોર્ડના ચેરમેન છે. પત્રકાર પરિષદમાં ક્રેડલ અંગે વાત કરતાં ઈડીઆઈના ડિરેક્ટર સુનિલ શુક્લાએ જણાવ્યુ હતું કે, ઈડીઆઈ દ્વારા ઈન્ક્યુબેટર સ્ટાર્ટ-અપ્સને કાયદાકીય, આર્થિક, તકનિકી અથવા તો આઈપીઆરને લગતું માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવશે જેથી સ્ટાર્ટઅપ્સ તેમની વેપારને લગતી ક્ષમતાઓ વિકસાવી શકે. ઈન્ફોસિસ કંપનીના કો-ફાઉન્ડર અને ક્રેડલના એડવાઈઝરી બોર્ડના ચેરમેન પદ્મભૂષણ એસ. ગોપાલાક્રિષ્ણને જણાવ્યું હતું કે, ‘દેશમાં સ્ટાર્ટ અપ્સ માટે પ્રોત્સાહનજનક માહોલ ઊભો થયો છે ત્યારે દેશમાં ટેક્નોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર્સના વિકસાવવા જરૂરી છે. સ્ટાર્ટ અપ માટે કોઈ જ ઉંમર કે ચોક્કસ ડિગ્રીની જરૂર નથી હોતી. કોઈને ૧૮ વર્ષથી નાની ઉંમરે કે કે ડિગ્રી મેળવ્યા પહેલાં જો સ્ટાર્ટ અપનો વિચાર આવે તો તેને પ્રોત્સાહન મળવું જ જોઈએ. ઈડીઆઈ પાસે પહેલાથી જ સ્ટાર્ટ અપને પ્રોત્સાહન આપવાના સ્રોત છે, જેનો હવે વધુ સારી રીતે ઉપયોગ થઈ શકશે’.





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારની ૭ પ્રાથમિક શાળાઓમાં ૬૦૦ નંગ નોટબૂક્સ, ૪૦૦ બોલપૅન તથા ૧૩૦ પૅકેટ બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. નવી ભેટાલી, વસઈ, ભેટાલી, કરણપુર, ખેરાડી, વણઝર તથા રામપુર પ્રાથમિક શાળાના ૮૩૯ વિદ્યાર્થીઓને આ વિતરણ હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. ધોરણ-૧ના વિદ્યાર્થીઓને બિસ્કીટના પૅકેટ, ધોરણ-૨થી ૫ના વિદ્યાર્થીઓને બે નોટબૂક્સ અને ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓને બોલપૅન આપવામાં આવી હતી. નવી ભેટાલી તથા ૩ આંગણવાડીમાં બાળકોને નાસ્તો કરાવવામાં આવ્યો હતો. વિભદ્રસિંહ, મહેશ વાઘેલા, મિલિન્દ ગુપ્તે આ સેવાકાર્યમાં જોડાયા હતા. નોટબૂક્સનું સૌજન્ય શિવમ કિરાણા તરફથી અને બોલપૅનનું સૌજન્ય ટુડે તરફથી પ્રાપ્ત થયું હતું.

# મેડિકલમાં પ્રવેશ હાલ નહીં અપાય

## મેડિકલમાં ઍનઆરઆઈ ક્વોટા રદ કરવાના નિર્ણય સામે થયેલી રિટ મામલે હાઈકૉર્ટની તાકીદ

ગાંધીનગર, તા. ૬

મેડિકલ અને ડેન્ટલ કોલેજોમાં ઍનઆરઆઈ ક્વોટા રદ કરવાના સરકારના વટહુકમ સામે થયેલી રિટ પિટિશન હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ખંડપીઠે હાલ મેડિકલ કોલેજોમાં પ્રવેશ નહીં આપવાની સૂચના સંબંધિત અધિકારીને આપવાની તાકીદ રાજ્ય સરકારને કરી છે. ચીફ જસ્ટિસ આર.સુભાષ રેડ્ડી અને જસ્ટિસ વી.એમ.પંચોલીની ખંડપીઠે રાજ્યના એડવોકેટ જનરલ કમલભાઈ ત્રિવેદીને આ સૂચના આપવાનું જણાવી કેસની વધુ સુનાવણી ૧૧મી જુલાઈના રોજ મુકરર કરી છે. આ સાથે જ હવે જ્યાં સુધી આ કેસનો નિકાલ ના થાય ત્યાં સુધી મેડિકલ, ડેન્ટલ કે પેરા મેડિકલ કોલેજો દ્વારા વિદ્યાથીઓને પ્રવેશ આપી શકાશે નહીં.

સોમવારે આ કેસની સુનાવણી માટે અરજદાર પક્ષે પ્રાયોરિટી માગવામાં આવી હતી. તેથી ચીફ જસ્ટિસની ખંડપીઠ સમક્ષ સુનાવણી નીકળી હતી અને દરમિયાન ખંડપીઠે એડવોકેટ જનરલને સંબંધિત અધિકારીને કોલેજોમાં પ્રવેશ નહીં આપવાની સૂચના આપવા જણાવ્યું હતું. આ સમગ્ર મામલે હાઈકોર્ટ સમક્ષ સાત જેટલી સેલ્ફ ફાઈનાન્સ ડેન્ટલ કોલેજોના એક ગ્રૂપ, ઉપરાંત યુએસએની નાગરિકતા ધરાવતી યુવતી અને આંધ્રપ્રદેશની યુવતી દ્વારા ત્રણ જુદીજુદી પિટિશન કરાઈ છે. જેમાં ઍનઆરઆઈ ક્વોટા રદ કરવાના રાજ્ય સરકારના વટહુકમને રદબાતલ ઠેરવવાની માગ કરી છે.

રાજ્ય સરકારના વટહુકમને પડકારતી રિટમાં જણાવાયું છે કે સરકારના વટહુકમથી અનેક ઍનઆરઆઈ વિદ્યાર્થીઓને ભારે નુકસાન થવાની ભીતિ છે. તેમના હિત અને કારકિદીને ધ્યાનમાં રાખતા સરકારનો વટહુકમ રદ કરવામાં આવે. રિટમાં એવી રજૂઆત થઈ છે કે, ‘સુપ્રીમ કોર્ટના એક ચુકાદા બાદ વર્ષ ૨૦૦૫-૦૬થી મેડિકલ, ડેન્ટલ, પેરામેડિકલમાં પ્રવેશ માટે ઍનઆરઆઈ ક્વોટાની શરૂઆત થઈ હતી. છેલ્લા દસ વર્ષથી આ ક્વોટા પ્રમાણે ૧૫ ટકા બેઠકો અનામત રખાઈ હતી. પરંતુ હવે ઍનઆરઆઈ ક્વોટા રદ થતાં ઍનઆરઆઈ વિદ્યાર્થીઓ માટે કોઈ બેઠક અનામત રહેતી નથી.

વધુમાં એવી રજૂઆત પણ કરાઈ હતી કે,‘સરકારને જો વટહુકમ બહાર પાડવાનો અધિકાર હોય તો પણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માટેની પ્રવેશ પ્રક્રિયાની બરાબર પહેલા વટહુકમ કરવો એ ગેરવ્યાજબી છે.

અમેરિકાની યુવતીએ તો એવી રજૂઆત પણ કરી હતી કે, ‘આણંદ જિલ્લાની એક મેડિકલ કોલેજમાં પ્રવેશ મળશે એવી ખાતરી થતાં તેણે યુએસએની કોલેજમાં પ્રવેશ લીધો નહોતો. પરંતુ સરકારે એનઆરઆઈ ક્વોટા જ રદ કરી દેતાં હવે તે અહીં ક્યાંય પણ પ્રવેશ મેળવી શકે તેમ નથી.’

# શિવરંજનીના સ્વરોત્સવનો આરંભ, પ્રથમ નઝરાણું : “ઋતુસંહાર”

ગાંધીનગરની શિવરંજની સંસ્થા દ્વારા સ્વરોત્સવ ઉત્સવના પ્રારંભે ટાઉનહોલ ખાતે “ઋતુસંહાર” નામનો ગીત સંગીતનો વિશિષ્ટ કાર્યક્રમ રજુ થયો. અમીત ઠક્કર અને દિપ્તી દેસાઈ પ્રસ્તુત આ કાર્યક્રમમાં ગાયકવૃંદ તરીકે દીપ્તિ દેસાઈ પોતે, નયના શર્મા અને મિહીર જાની હતાં. કાર્યક્રમનું સંચાલન માર્ગી હાથીએ સંભાળ્યું.

કાર્યક્રમની શરૂઆતમાં શિવરંજનીના પ્રમુખ શ્રી વાગ્મિન બુચે જણાવ્યું કે શિવરંજનીની સૂર અને શબ્દની આરાધનાના ભાગરૂપે સુસંસ્કૃત સંગીત પીરસવાનું બીડું ઝડપીને આ વર્ષે તેના કાર્યક્રમોનો આરંભ બે દિવસનો સ્વરોત્સવ ઉજવીને કરવાનું નક્કી કરેલ છે જેમાં પ્રથમ ચરણમાં સંસ્કૃતના મહાકવિ કાલિદાસની રચના ઋતુસંહારમાં જે રીતે ઋતુઓના વૈભવની વાત કરી છે તે જ થીમ ઉપરના ગીતો સાથેનો કાર્યક્રમ ઋતુસંહાર રાખવામાં આવ્યો છે. આવો એક તદ્દન નવા જ સ્વરૂપનો કાર્યક્રમ માણવો સૌ ગુણીજનોને ગમશે એવી આશા વ્યક્ત કરીને કાર્યક્રમનો દોર માર્ગી હાથીને સોંપ્યો.

કાર્યક્રમમાં સંગીતનાં ઘણાં જૂના-નવા સ્વરાંકનોને આવરી લેતી અનેક રચનાકારોની કૃતિઓ રજુ થઈ. કાર્યક્રમના આરંભની વિશેષતા એ રહી કે સામાન્ય રીતે લોકપ્રિય રચનાથી કાર્યક્રમની શરૂઆત થાય તેના બદલે શ્રી અમર ભટ્ટની સ્વર રચના “અહો શ્વાસ મળ્યો ને વસંતો મોહરી” એવી ધીમી લયની ઉંચા ગજાની કવિતાથી થઈ

કાર્યક્રમનાં ઍન્કર તરીકે માર્ગી હાથીએ રજૂ થતી રચનાની પૂર્વભુમિકા મળી રહે તથા કાર્યક્રમનાં થીમનો સેતુ જળવાઈ રહે તે મુજબ પ્રસંગોચીત વાતો જે રીતે કરી તેનાથી આ પ્રતિતી છેક અંત સુધી અકબંધ રહી. શ્રી અમીત ઠક્કરે અને તેમના સાથી સાજિંદાઓએ વાદ્યો ઉપર જે જમાવટ કરી તેનાથી જે સંગીત સંયોજન થયું તે દાદ આપવા લાયક બની રહ્યું. તેમણે એક પછી એક ગીતના કી-બોર્ડના સંગીતમાં નવીનતા ઉમેરી અને ક્યાંક તબલા સાથે સંગત કરીને એક માણવા લાયક માહોલ ઉભો કર્યો. ઘણાં ગીતોમાં બે અંતરા વચ્ચે સંગીતના વિવિધ સૂરોની એવી તાન છેડી કે તેણે બધાંને ડોલાવી દીધાં એટલું જ નહીં પણ ગાયકની ગાયકીને પણ ચાર ચાંદ લાગી ગયા. પ્રેક્ષકોને કાંઈક નવું માણવાની તક મળી.



આ પ્રકારની ગાયકી, સંગીત સંયોજન અને દિલને તરોતાજાં કરતી સંગીતની સૂરાવલીઓ વચ્ચે જે ગીતોની પ્રસ્તુતી થઈ તે આ છે : (૧) કુહૂ કુહૂ બોલે કોયલીયાં...ની અતિ લોકપ્રિય અને કોઈને પણ કર્ણપ્રિય લાગે તેવી રચનાની શરૂઆત નવોદિત કલાકાર તરીકે ઉભરતી ગાયિકા નયના શર્માએ એટલી અસરકારક રીતે ઉપાડી કે સૌ આફરીનાપોકારી ઉઠ્યા.ત્યાર પછી (૨) કોકિલ પંચમ બોલ બોલે કે આવી પંચમી વસંતની (૩) ફાગણ કોરવતો આવ્યો..(૪) જગત ભરકી રોશનીકે લિયે..સૂરજ રે જલતે રહેના..(૫) જિયરા જલે...(૬) વીજળી લખે છે કંકોતરી કે મેઘરાજા આવો મારે આંગણે ....(૭) ગરજ ગરજ બરસો..(૮) મેઘરાજ બંકો આવ્યો રે...(૯) સાવન બીતો જાયે રે મોરા સૈયાં મોસે બોલે ના... (૧૦) પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા...(૧૧) મેહૂલો ગાજે ને રાઘવ રાંઝે...(૧૨) તારે રે દરબાર મેઘારાણા...કોણ રે છેડે પેલી ગેબી વિણાના તાર...(૧૩) મારૂં મન મોર બની થનગાટ કરે...(૧૪) વા વાય ને વાદળ ઉમટ્યા...(૧૫) અંબર ગાજે ને મેઘાદંબર ગાજે...(૧૬) ચંદા રે ચંદા રે કભી તો જમીં પર આ..બાતેં કરેંગે.. (૧૭) શરદ સુહાની આયી રે સખિયોં...ખિલને લગી મેરે મનકી કલિયાં જેવા ગીતો રજુ થયા. કાર્યક્રમની પ્રસ્તુતિની એક વિષિષ્ટતા એ રહી કે કેટલાંક ખૂબ જાણીતા ગીતો પૂરેપૂરાં ગાવાને બદલે તેની ઝલક આપી રજૂ થયાં.....

આમાંથી ગરજ ગરજ બરસો..જેવી શિરમોર રચનાએ તેની શાસ્ત્રિયતા ઉપરાંત મેઘરાજાને ઈજના આપે તે પ્રકારે ઢોલની દાંડી અને અન્ય વાદ્યોના સૂરોના સથવારે એક અલગ જ છાપ ઉપસાવી.આ જ રીતે ગુજરાતી ગીતો પૈકીની એક ચિરંજીવી રચના “તારે રે દરબાર મેઘારાણા...”ની એવી દમદાર રજુઆત દિપ્તી દેસાઈ એ કરી કે પ્રેક્ષકોના દરબારમાં સૂરીલી હવા પ્રસરી ગઈ. મિહીર જાનીએ “જગતભરકી રોશનીકે લિયે...”ની રજુઆતમાં ઉંચા સ્વરે તાના છેડીને તેમની અદભૂત ગાયકીનો પરિચય તો આપ્યો જ પણ તેમના પડઘા મેઘરાજાના દાતા એવા સૂર્યદેવ સુધી પહોંચ્યા હશે એમ કહેવાનું મન થાય છે. સાથોસાથ ઋતુઓને આવરી લેતાં કેટલાંક લોકગીતોની મેડલી રજૂ થઈ અને સમગ્ર હૉલમાં લોકસંસ્કૃતિની ઝમકદાર હવા પ્રસરી ગઈ.

ગાયકવૃંદમાં દિપ્તી દેસાઈ અને નયના શર્મા એ બન્નેની અન્ય રચનાઓની પ્રસ્તુતિ પણ અદભૂત રહી.બન્નેએ રચનાને અનુરૂપ હાવભાવ સાથે મસ્ત થઈને જાણે કે ઋતુઓને માણતાં હોય તે રીતે ગાઈને કાર્યક્રમને જીવંત બનાવ્યો. મિહીર જાનીએ તદ્દન વિપરીત અને અનોખી શૈલીથી ગાવા પડે એવાં ગીતો બખૂબી રજુ કર્યા જે કર્ણપ્રિય રહ્યાં. આમ ગાયકોની ગાયનશૈલી તો ઉત્કૃષ્ટ હતી જ પણ અમીત ઠક્કરના સંગીત આયોજનની કુશળતાએ સમગ્ર કાર્યક્રમને ખૂબ જ અસરકારક અને મેલડીયસ બનાવ્યો જે પ્રેક્ષકોએ જરૂર અનુભવ્યું હશે.. આવા વિશિષ્ટ અને ઉંચી ચોઈસનો કાર્યક્રમ આપવા બદલ “શિવરંજની” ને અભિનંદન

**- નરેશ ઝીંઝુવાડીયા**

## વાચકોને આમંત્રણ

**‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસ માટેનો વિષય છે :

**‘મારી સ્નેહાળ સખી’**